**આજની મેચ (બીજી ક્વાર્ટર ફાઇનલ)** **સ્પેન vs બેલ્જિયમ રાત્રે 12.30 વાગ્યે**

# વર્લ્ડકપ ક્વાર્ટર ફાઇનલમાં પહેલીવાર બ્રાઝિલ-જર્મની નહીં

**ફ્રાન્સ**, બેલ્જિયમ, નોર્વે, ઇંગ્લેન્ડ, સ્પેન અને સ્વિટ્ઝર્લેન્ડ એમ છ યુરોપિયન ટીમ અંતિમ આઠમાં

**છ યુરોપિયન** સિવાય આફ્રિકન મોરોક્કો અને દક્ષિણ અમેરિકન આર્જેન્ટીનાની ટીમનો સમાવેશ

**સત્તર** વર્લ્ડકપમાંથી 10માં બંને ક્વાર્ટર ફાઇનલ રમ્યા છે, જ્યારે અન્યમાં બંનેમાંથી કોઇ એક રમ્યું છે



નવી દિલ્હી, તા. 09 : ફિફા વર્લ્ડકપ પહેલીવાર 48 ટીમોની ભાગીદારી સાથે શરૂ થયો અને હવે આ ફૂટબોલ મહાકુંભમાં માત્ર આઠ ટીમો બાકી રહી છે, જેમની વચ્ચે અંતિમ આઠની સ્પર્ધા થશે અને આ તમામનું લક્ષ્ય 19 જુલાઈના રોજ રમાનારી ફાઇનલ પર રહેશે. અહીં નોંધવા જેવી વાત એ છે કે વર્લ્ડકપના ઈતિહાસમાં પહેલી વાર બ્રાઝિલ અને જર્મની બંને ક્વાર્ટર ફાઈનલમાં નથી. આ પહેલા રમાયેલા વર્લ્ડકપમાં આ બંનેમાંથી કોઈ એક ટીમ ક્વાર્ટર ફાઈનલ રમી હતી અને પહેલીવાર એ બંને તેમાં નથી.

બ્રાઝિલ અને જર્મની બંને સત્તર વર્લ્ડકપમાંથી દસમાં ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા છે. જર્મની 1938, 1950, 2018 અને 2022માં અંતિમ આઠમાં સ્થાન મેળવી શક્યું ન હતું, જ્યારે બ્રાઝિલ 1934, 1966 અને 1990માં અંતિમ આઠમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ ગયું હતું. જોકે, બંને દિગ્ગજો અંતિમ આઠમાંથી એકસાથે ગાયબ હોય તેવું પહેલીવાર બની રહ્યું છે. બ્રાઝિલને રાઉન્ડ ઓફ 16માં નોર્વેએ અને જર્મનીને અંતિમ 32માં પેરાગ્વેએ હરાવતા તેઓ અંતિમ આઠમાં પ્રવેશી શક્યા નથી. આ સિવાય 1930, 1974, 1978 અને 1982માં વર્લ્ડકપમાં કોઈ ક્વાર્ટર ફાઈનલ રમાઈ ન હતી.

### આઠમાંથી ચાર ટીમો ટાઇટલ જીતી શકી નથી

આ વર્લ્ડકપના ક્વાર્ટર ફાઇનલમાં પહોંચેલી આઠ ટીમોમાંથી ચાર ટીમો અગાઉ ટાઇટલ જીતી ચૂકી છે, જેમાં આર્જેન્ટિના ત્રણ વખત, ફ્રાન્સ બે વખત અને ઇંગ્લેન્ડ અને સ્પેન એક-એક વખત ટાઇટલ જીતી ચૂકી છે. તેમાંથી બેલ્જિયમ અને મોરોક્કો ક્યારેય સેમી ફાઇનલથી આગળ વધી શક્યા નથી. સ્વિટ્ઝર્લેન્ડ 1954 પછી પહેલી વાર ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યું છે, અને નોર્વે ક્યારેય અંતિમ 16થી આગળ વધી શક્યું ન હતું. આનો અર્થ એ થયો કે 2010 માં સ્પેન પછી પહેલી વાર નવો ચેમ્પિયન મળી શકે તેમ છે.

### અંતિમ આઠમાં છ ટીમ સાથે યુરોપનું વર્ચસ્વ

ચાર વર્ષ પહેલાં કતારમાં પાંચ યુરોપિયન ટીમો અંતિમ આઠમાં સામેલ હતી આ વખતે, ક્વાર્ટર ફાઇનલમાં છ યુરોપિયન ટીમો છે અને તેમની સાથે એક આફ્રિકન ટીમ મોરોક્કો અને એક દક્ષિણ અમેરિકન ટીમ આર્જેન્ટિના સામેલ છે. કતારમાં 2022 ના વર્લ્ડકપમાં મોરોક્કો અંતિમ ચારમાં પહોંચનારી પ્રથમ આફ્રિકન ટીમ બની હતી અને 2026ના વર્લ્ડકપ સાથે તેઓ સતત બે વર્લ્ડકપની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનારી પ્રથમ આફ્રિકન ટીમ પણ બની ગઇ છે.

### એકમાત્ર ફ્રાન્સે નિર્ધારિત સમયમાં બધી મેચ જીતી



ટાઇટલ માટે મજબૂત દાવેદાર ગણાતી કિલિયન એમબાપ્પેની ફ્રાન્સે અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં તમામ પાંચ મેચ નિર્ધારિત 90 મિનિટમાં જીતી લીધી છે. લિયોનેલ મેસીની આર્જેન્ટિનાએ પણ તમામ પાંચ મેચ જીતી છે, પરંતુ કેપ વર્ડે સામેની તેમની રાઉન્ડ ઓફ 32ની મેચ વધારાના સમયમાં ગઈ, જે તેમણે 3-2થી જીતી હતી. સ્પેન અને ઈંગ્લેન્ડે ચાર-ચાર મેચ જીતી અને એક ડ્રો કરી. નોર્વેએ ચાર મેચ જીતી પરંતુ ફ્રાન્સ સામે હારનો સામનો કરવો પડ્યો. બેલ્જિયમ, મોરોક્કો અને સ્વિટ્ઝર્લેન્ડે ત્રણ-ત્રણ મેચ જીતી અને બે-બે મેચ ડ્રો કરી.

### સ્પેને અત્યાર સુધી હરીફોને ગોલ કરવા નથી દીધો



આ વર્લ્ડકપમાં સ્પેન એકમાત્ર એવી ટીમ છે જેનું ડિફેન્સ અભેદ્ય રહ્યું છે, તેણે પોતાની સામે એક પણ ગોલ થવા દીધો નથી. ગોલકીપર ઉનાઈ સિમોન સૌથી વધુ વર્લ્ડકપમાં હાજરી આપવાનો રેકોર્ડ ધરાવે છે, જેણે ગોલ ગુમાવ્યા વિના મેદાન પર 600 મિનિટથી વધુ સમય વિતાવ્યો છે. ગ્રુપ સ્ટેજમાં કેપ વર્ડે સામે સ્પેનની ટીમ ગોલરહિત ડ્રો રહી હતી. સ્પેને સાઉદી અરેબિયાને 4-0 અને ઉરુગ્વેને 1-0થી હરાવ્યું હતું. સ્પેને રાઉન્ડ ઓફ 32માં ઓસ્ટ્રિયાને 3-0થી અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની પોર્ટુગલને અંતિમ 16માં 1-0થી હરાવ્યું હતું. આ પહેલા 1990માં, ઇટાલિયન ટીમ એક પણ ગોલ ગુમાવ્યા વિના સેમી ફાઇનલમાં પહોંચી હતી.

# આર્જેન્ટીના-ઇજીપ્ત વચ્ચેની મેચમાં જે થયું તે નિયમોનુસાર થયાની સ્પષ્ટતા

**ઇજિપ્તનો** જે ગોલ નામંજૂર થયો તેને 'એટેકિંગ ફેઝ ઓફ પ્લે' ના કડક નિયમ હેઠળ અમાન્ય ઠર્યો હતો

**નિયમોનુસાર** કોઇ ખેલાડી ટેકલ દરમિયાન બોલ ક્લિયર કર્યા પછી બીજા ખેલાડીને અડે તેને ફાઉલ ન ગણાય



એટલાન્ટા, તા. 09 : આર્જેન્ટિના અને ઇજિપ્ત વચ્ચેની ફિફા વર્લ્ડકપ રાઉન્ડ ઓફ 16 મેચમાં ફ્રેન્ચ રેફરી ફ્રાન્કોઇસ લેટક્સિયર પર પક્ષપાત અથવા ફાઉલ પ્લેનો આરોપ મૂકવામાં આવ્યો છે. જોકે આ મેચમાં આવું કંઇ બન્યું ન હોવાની સ્પષ્ટતા થઇ રહી છે. ઇજિપ્તનો જે ગોલ નામંજૂર કરવામાં આવ્યો હતો તેને 'એટેકિંગ ફેઝ ઓફ પ્લે' ના કડક નિયમ હેઠળ અમાન્ય જાહેર કરવામાં આવ્યો હતો. વિડીયો આસિસ્ટન્ટ રેફરી (VAR) એ સ્પષ્ટપણે દર્શાવ્યું કે ગોલ-લીડિંગ મૂવની શરૂઆતમાં જ લિસાન્ડ્રો માર્ટિનેઝ પર પગ મુકવામાં આવ્યો હતો. નિયમો અનુસાર, આ સીધો ફાઉલ હતો અને તેથી ગોલ નામંજુર કરાયો.

આ ઉપરાંત ઇજિપ્તના મોહમ્મદ સલાહ સાથે બનેલી ઘટના અંગે રેફરીએ કેમ કંઇ ન કર્યું તે અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. સ્ટોપેજ સમયદરમિયાન, જ્યારે સ્કોર 2-2 થી બરાબર હતો, સલાહ આર્જેન્ટિના બોક્સમાં બોલ સાથે આગળ વધી રહ્યો હતો. પછી, આર્જેન્ટિનાનો જુલિયન અલ્વારેઝ પાછળથી આવ્યો અને તેને ટેકલ કર્યો. ઇજિપ્તના ખેલાડીઓએ પેનલ્ટીની માંગણી કરી, પરંતુ રેફરીએ રમત ચાલુ રાખવાની મંજૂરી આપી, અને એન્ઝો ફર્નાન્ડીઝે 90+2મી મિનિટે આર્જેન્ટિના માટે વિજયી ગોલ કર્યો, જેનાથી 3-2નો વિજય થયો. રિપ્લે અને રેફરીની સમજ મુજબ, સલાહનો પગ બોલને સ્પર્શે તે પહેલાં જ અલ્વારેઝે બોલને સ્પષ્ટ રીતે સ્પર્શ કર્યો અર્થાત ક્લિયર કર્યો. નિયમો કહે છે કે જો કોઈ ખેલાડી ટેકલ દરમિયાન પહેલા બોલ ક્લિયર કરે છે, જો ટેકલ અતિશય ખતરનાક અથવા હિંસક ન હોય તો પછી બીજા ખેલાડી સાથે કોઈપણ શારીરિક સંપર્ક રમતનો કુદરતી ભાગ માનવામાં આવે છે. ટેકલ સમયે સલાહે બોલ પરનો કાબુ ગુમાવી દીધો હતો. આને 'ક્લીન ટેકલ' ગણવામાં આવ્યું હતું, ઇરાદાપૂર્વકનો ફાઉલ નહીં.

# પક્ષપાતી રેફરીંગ પર ચૂપ નહીં રહીએ : ઇજિપ્શિયન ફૂટબોલ

**નિર્ણયો** અંગે અર્થપૂર્ણ ચર્ચા હંમેશા ફૂટબોલનો ભાગ રહેશે પરંતુ રમતમાં ખોટા આરોપો માટે કોઇ સ્થાન નથી : ફિફા રેફરી ચીફ



એટલાન્ટા, તા. 09 (એપી) : ઇજિપ્શિયન ફૂટબોલ એસોસિએશન (ઇએફએ)એ આજે બુધવારે જણાવ્યું હતું કે તે આર્જેન્ટિના સામેની વર્લ્ડકપની અંતિમ 16 મેચમાં 'પક્ષપાતી અને નબળી' રેફરીંગ પર ચૂપ રહેશે નહીં. ઇજિપ્તના કોચ હોસમ હસન અને ઘણા ખેલાડીઓએ મેચમાં રેફરીંગની ટીકા કરી હતી.

ઇએફએએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઇજિપ્તની રાષ્ટ્રીય ટીમના હિતો અને અધિકારોનું રક્ષણ અવગણી શકાય નહીં કે ઓછું આંકી શકાય નહીં. અમે આ જવાબદારી સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે નિભાવીશું. ફિફા રેફરી ચીફ પિયરલુઇગી કોલિનાએ બુધવારે સાંજે જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે નિર્ણયો અંગે અર્થપૂર્ણ ચર્ચા હંમેશા ફૂટબોલનો ભાગ રહેશે પરંતુ રમતમાં ખોટા આરોપો માટે કોઈ સ્થાન નથી. ફિફા વર્લ્ડકપમાં મેચ અધિકારીઓની પ્રામાણિકતા પર કોઈ શંકા કરી શકે નહીં. જ્યારે આવું થાય છે, ત્યારે તે પ્રતિક્રિયાઓ તરફ દોરી શકે છે જેનાથી તેમના અને તેમના પરિવારો સામે ધમકીઓ થઈ શકે છે. આ યોગ્ય નથી.

ઇએફએએ કહ્યું કે રેફરીએ વિડીયો આસિસ્ટન્ટ રેફરી (VAR) નો યોગ્ય રીતે ઉપયોગ કર્યો ન હતો, જેના કારણે આર્જેન્ટિનાને જીત મળી. 58મી મિનિટે ઇજિપ્તે બીજો ગોલ કર્યો હોય તેવું લાગતું હતું, પરંતુ VAR સમીક્ષા દર્શાવે છે કે મારવાન અટિયાએ ગોલ કરતા પહેલા આર્જેન્ટિનાના ડિફેન્ડર લિસાન્ડ્રો માર્ટિનેઝને ફાઉલ કર્યો હતો. ઇએફએએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઘણી મહત્વપૂર્ણ ઘટનાઓએ રમતની દિશાને સીધી અસર કરતા નિર્ણયોની સુસંગતતા અને ન્યાયીતા અંગે ગંભીર ચિંતાઓ અને ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

# આર્થર ફેરી વિમ્બલડનની સેમીમાં પહોંચેલો બીજો વાઈલ્ડ કાર્ડ હોલ્ડર

**ફેરી** પહેલા 2001માં ગોરાન ઇવાનિસેવિક વિમ્બલડનની સેમી ફાઇનલમાં પહોંચનારો પહેલો વાઇલ્ડકાર્ડ હોલ્ડર હતો

લંડન, તા. 09 (એપી) : વિશ્વમાં 114મા ક્રમાંકિત બ્રિટિશ વાઇલ્ડ કાર્ડ ધારક આર્થર ફેરીએ વિમ્બલડનની સેમિફાઈનલમાં પ્રવેશ કરીને ઈતિહાસ રચ્યો છે. તે છેલ્લા 25 વર્ષમાં વિમ્બલડનના અંતિમ ચારમાં પહોંચેલો પહેલો જ્યારે ઓવરઓલ માત્ર બીજો વાઈલ્ડ કાર્ડ હોલ્ડર છે. આ પહેલા ગોરાન ઈવાનિસેવિકે 2001માં વાઈલ્ડ કાર્ડ દ્વારા પુરુષોની સિંગલ્સ કેટેગરીમાં સેમી ફાઈનલમાં પહોંચવાની સિદ્ધિ હાંસલ કરી હતી.

૨૩ વર્ષીય ફેરીએ નવમા ક્રમાંકિત ફ્લેવિયો કોબોલીને 6-4, 7-6, 6-0થી હરાવ્યો ત્યારે આ મેચ જોવા માટે બ્રિટનની રાણી કેમિલા પણ રોયલ બોક્સમાં હાજર રહી હતી. ફેરીએ પહેલો સેટ જીત્યા પછી તેને સ્ટેન્ડિંગ ઓવેશન મળ્યું હતું. તેણે બીજો સેટ ટાઈબ્રેકરમાં જીત્યો અને પછી ત્રીજો સેટ જીત્યો. બીજા કોર્ટ પર, એલેક્ઝાન્ડર ઝ્વેરેવે ટેલર ફ્રિટ્ઝને 6.4, 6.4, 6.2 થી હરાવ્યો અને હવે સેમિફાઈનલમાં ફેરી સામે રમશે.

મહિલા સિંગલ્સમાં, માર્ટા કોસ્ટિયુકે જાસ્મીન પાઓલિનીને 6:3, 6:2 થી હરાવીને છેલ્લા ચારમાં પ્રવેશ કર્યો.

## યુક્રેનની માર્ટા કોસ્ટ્યુક રશિયા સંબંધે IOCના નિર્ણયની નિંદા કરી

**સોમવારે** રશિયાએ કરેલો હુમલો કોસ્ટ્યુકના ઘર નજીક થયો હતો અને તેથી તેનું ધ્યાન ત્યાં પણ હતું

**રમત** પર ધ્યાન કેન્દ્રિત કરવા આ હુમલાઓ અવગણવા પડે છે પણ તેને સંપૂર્ણ અવગણી શકાય નહીં : કોસ્ટ્યુક



લંડન, તા. 09 : વિમ્બલડનના સેન્ટર કોર્ટ પર રમતી માર્ટા કોસ્ટ્યુકનું ધ્યાન રમત ઉપરાંત સંપૂર્ણપણે તેના દેશ યુક્રેન પર હતું, જેના પર ફરી એકવાર રશિયા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. કોસ્ટ્યુકે ઇટાલિયન જેસ્મિન પાઓલિની સામેનો પોતાનો મુકાબલો જીતીને સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

ગ્રાન્ડ સ્લેમમાં ચોથા રાઉન્ડની મેચ રમતા પહેલા સોમવારે કોસ્ટ્યુકે તેના માતાપિતાના ઘર નજીક રહેણાંક ઇમારતો પર હુમલો કરતી રશિયન મિસાઇલોને અવગણવી પડી હતી. ઇન્ટરનેશનલ ઓલિમ્પિક્સ સમિતિએ મંગળવારે રશિયા પરનો પ્રતિબંધ અસ્થાયી રૂપે હટાવી દેવાના કરેલા નિર્ણયને કોસ્ટ્યુકે ભયંકર ગણાવ્યો હતો.

કોસ્ટ્યુકને દેશમાં બનતી ઘટનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતી વખતે દરરોજ ટેનિસ પર ધ્યાન કેન્દ્રિત કરવાના રસ્તાઓ શોધવા પડે છે. જાસ્મીન પાઓલિની સામે 6-3, 6-2 થી જીત મેળવ્યા બાદ તેણે કહ્યું કે તેને સંપૂર્ણપણે અવગણવું શક્ય નથી. ગયા અઠવાડિયે જ્યારે આ મોટો હુમલો થયો ત્યારે મારા માટે ખૂબ જ મુશ્કેલ હતું. સોમવારે, તેઓએ મારા માતાપિતાના ઘરથી પાંચ કિલોમીટર દૂર રહેણાંક ઇમારતો તોડી પાડી. ઘણા નિર્દોષ લોકો, બાળકો, માર્યા ગયા. હું ત્યાંના નવીનતમ સમાચારથી વાકેફ રહેવાનો પ્રયાસ કરી રહી છું અને તેને મારા પર વધુ અસર ન થવા દઉં.



# લોર્ડસમાં આજથી ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે પહેલી મહિલા ટેસ્ટ રમાશે

**ભારતીય** મહિલા ટીમ વર્લ્ડકપમાં મળેલી નિષ્ફળતાને પાછળ છોડીને લોડ્ર્સ ટેસ્ટમાં સારું પ્રદર્શન કરવા માગશે

લંડન, તા. 09 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપમાં નિરાશાજનક પ્રદર્શન બાદ એ પરાજયને પાછળ છોડીને ભારતીય મહિલા ટીમ આવતીકાલે શુક્રવારથી લોડ્ર્સ ખાતે રમાનારી ઈંગ્લેન્ડ સામેની પ્રથમ મહિલા ટેસ્ટમાં મેદાને પડશે ત્યારે તેમનું ધ્યાન આ ટેસ્ટમાં સારું પ્રદર્શન કરવા પર રહેશે.

ટી-20 વર્લ્ડકપમાંથી ભારતની વહેલા બહાર થવાથી તેમને ટેસ્ટ મેચની તૈયારી માટે વધુ સમય મળ્યો. આ ટેસ્ટ ક્રિકેટનું ઘર તરીકે ઓળખાતા લોડ્ર્સમાં પુરુષોની પ્રથમ ટેસ્ટના 142 વર્ષ પછી યોજાશે. ભારતીય ટીમે અગાઉ માર્ચમાં ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ મેચ રમી હતી. મુખ્ય કોચ અમોલ મજુમદારે જણાવ્યું હતું કે ટીમ લોડ્ર્સમાં પહેલીવાર રમવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. લોડ્ર્સમાં આ અમારી પહેલી ટેસ્ટ છે, અને હું ભાગ્યશાળી છું કે મને આ તક મળી. હું સામેલ દરેકને શુભકામનાઓ પાઠવું છું. આ એક મોટો પ્રસંગ છે, અને અમે તેની રાહ જોઈ રહ્યા છીએ. તેણે કહ્યું કે ટેસ્ટ મેચ રમવી એ કોઈપણ ભારતીય ક્રિકેટરનું સ્વપ્ન હોય છે. મને ખાતરી છે કે આવતીકાલે સફેદ જર્સી પહેરનાર દરેક ખેલાડી લોડ્ર્સમાં ટેસ્ટ મેચ રમવાની તક મળી હોવાનો ગર્વ અનુભવશે.

# ઇંગ્લીશ ટી-20 લીગની એક મેચમાં બે ઇનિંગ્સ મળીને બન્યા 646 રન

**ડમ્બલટન** ક્લબના ઇવાન ગેજે 55 બોલમાં 23 છગ્ગા સાથે 206 રનની ઇનિંગ રમી

**ડમ્બલટન** ક્લબે બે વિકેટે 417 રનનો સ્કોર બનાવ્યો, હરીફ ટીમે 229 રન બનાવ્યા




નવી દિલ્હી, તા. 09 : ક્રિકેટના મેદાન પર ઘણી વખત ચોગ્ગા અને છગ્ગા સાથે રનનો વરસાદ જોવા મળે છે, પરંતુ એક ઇંગ્લિશ ટી-20 લીગની એક મેચમાં, એવી આક્રમક બેટિંગ જોવા મળી જેના કારણે ટી-20 ક્રિકેટમાં અલગ ઈતિહાસ રચાયો હતો. આ મેચમાં એક ટીમે 417 રન બનાવ્યા તો તેની સામેની ટીમે 229 રન બનાવતા બે ઈનિંગ મળીને કુલ 646 રન બન્યા હતા.

ડમ્બલટન ક્રિકેટ ક્લબ અને હેથરલી અને રેડિંગ્સ સીસી વચ્ચે રમાયેલી આ મેચમાં ડમ્બલટનના ઈવાન ગેજે માત્ર 55 બોલનો સામનો કરીને નોટઆઉટ 206 રનની આશ્ચર્યજનક ઈનિંગ રમી. તેણે માત્ર ૩૦ બોલમાં પોતાની સદી પૂરી કરી અને પછીના 24 બોલમાં બીજા 100 રન બનાવ્યા. તેની જ્વલંત ઈનિંગમાં 23 જબરદસ્ત છગ્ગા અને 13 ચોગ્ગાનો સમાવેશ થતો હતો તેના સિવાય ડેન હોલેન્ડે માત્ર 37 બોલમાં 122 રન જ્યારે થોમસ કેલીએ 25 બોલમાં 64 રન કરતા ડમ્બટન ક્લબે નિર્ધારિત 20 ઓવરમાં માત્ર બે વિકેટ ગુમાવીને 417 રનનો સ્કોર બનાવ્યો. જેમાં 22 ચોગ્ગા અને 47 છગ્ગા સાથે કુલ 69 બાઉન્ડ્રી ફટકારાઈ હતી. આ સ્કોર મેન્સ ક્લબ ક્રિકેટ લીગના ઈતિહાસમાં સૌથી વધુ T20 સ્કોર છે.

418 રનના અશક્ય લાગતા લક્ષ્યનો પીછો કરતી વખતે, હેથરલી અને રેડિંગ્સની ટીમ 19.1 ઓવરમાં 229 રન બનાવી ઓલઆઉટ થઈ હતી. જેને પગલે આ મેચમા માત્ર 39.1 ઓવરમાં કુલ 646 રન બન્યા હતા.

# વર્લ્ડકપ હાફટાઈમ શોમાં મેડોના, શકીરા, બીટીએસનું પરફોર્મન્સ

**કોલ્ડપ્લેના** ક્રિસ માર્ટીન દ્વારા રચિત વર્લ્ડકપ હાફ ટાઇમ શોમાં 11 મિનિટનું હાઇપ્રોફાઇલ પરફોર્મન્સ થશે

**વર્લ્ડકપના** ઇતિહાસમાં ફિફાનો પહેલો સુપર બાઉલ સ્ટાઇલનો આ હાફ ટાઇમ શો બની રહેવાની ધારણા

ન્યૂ યોર્ક, તા. 09 : ફૂટબોલની સૌથી મોટી રાત્રિ એવી વર્લ્ડકપ ફાઇનલને વધુ ભવ્ય બનવાની તૈયારી થઇ ગઇ છે. ફિફાએ જાહેરાત કરી હતી કે મેડોના, શકીરા, બીટીએસ અને જસ્ટિન બીબર, જેવા સ્ટાર્સ વર્લ્ડકપ હાફટાઇમ શોમાં પરફોર્મ કરશે. 19 જુલાઈએ ન્યૂ યોર્કમાં ફાઇનલ દરમિયાન કોલ્ડપ્લેના ક્રિસ માર્ટિન દ્વારા રચિત 11 મિનિટનું હાફટાઇમ પર્ફોર્મન્સ રજૂ કરવામાં આવશે.

આ શો ફિફા ગ્લોબલ સિટીઝન એજ્યુકેશન ફંડને ટેકો આપશે, જે બાળકોને શિક્ષણ અને ફૂટબોલની સુવિધા આપવા માટે ૧૦૦ મિલિયન યુએસ ડોલર એકત્ર કરી રહ્યું છે. આ પ્રદર્શન ટુર્નામેન્ટના ઈતિહાસમાં ફિફાનો પહેલો સુપર બાઉલ-શૈલીનો હાફટાઇમ શો છે. કોલ્ડપ્લેના ફ્રન્ટમેન ક્રિસ માર્ટિન દ્વારા ક્યુરેટ કરાયેલ, આ ઈવેન્ટનું વિશ્વભરના લાખો દર્શકો માટે લાઈવ પ્રસારણ થવાની અપેક્ષા છે.

બીબરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ફિફા વર્લ્ડકપની જેમ બીજી કોઈ ઈવેન્ટ દુનિયાને એક કરતી નથી. હું આ હાફટાઇમ શોનો ભાગ બનવા બદલ આભારી છું અને તે જાણીને વધુ રોમાંચિત છું કે તે પહેલાથી જ વિશ્વભરના બાળકોને શિક્ષણ મેળવવામાં મદદ કરી રહ્યું છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ઓઇલના ભાવોમાં...

હતો અને 1.4 ટકા વધીને 67,743.85 પર બંધ રહ્યો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ દિવસ દરમિયાન ઉતાર-ચઢાવ બાદ આખરે 0.6 ટકા વધીને 7,291.91 પર બંધ રહ્યો હતો, જો કે દિવસની શરૂઆતમાં તે ગગડ્યો હતો. શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 1.7 ટકા વધીને 4,036.59 પર ટ્રેડ થઈ રહ્યો હતો, હોંગકોંગનો હેંગસેંગ 0.7 ટકા ઘટીને 24,030.18 પર આવી ગયો હતો. ઓસ્ટ્રેલિયાનો S|P/ASX 200 ઈન્ડેક્સ 0.3 ટકા ઘટીને 8,762.50 પર બંધ રહ્યો હતો. તાઈવાનનો તાઈએક્સ 0.8 ટકા ઘટ્યો હતો, જ્યારે ભારતનો સેન્સેક્સ 0.6 ટકા વધ્યો હતો.

### ભારત-ઓસ્ટ્રેલિયા...

પુનઃપ્રાપ્ય ઉર્જા, આબોહવા પરિવર્તન, પરમાણુ ઉર્જા, ક્રિટિકલ મિનરલ્સ, ટેકનોલોજી અને શિક્ષણના ક્ષેત્રોમાં અજોડ ગણાવ્યા હતા. આ સમિટમાં મંજૂર કરાયેલા કરારોમાં ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG) અને ઓસ્ટ્રેલિયાના મેરિટાઈમ બોર્ડર કમાન્ડ (MBC) વચ્ચેના એક કરારનો પણ સમાવેશ થાય છે અને તે દરિયાઈ કાયદાના અમલીકરણ, ડોમેન જાગૃતિ અને દરિયાઈ સરહદ સુરક્ષાના ક્ષેત્રોમાં સહયોગ પ્રદાન કરશે. બંને પક્ષોએ જહાજ નિર્માણ, જહાજ સમારકામ અને જાળવણીમાં પણ સહકાર કામ કરવાનો સંકલ્પ કર્યો હતો. વધતા જતા વિભાજિત ભૂરાજકીય માહોલની વચ્ચે વેપાર, ઉર્જા અને સંરક્ષણ સંબંધોને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાન મોદી તેમના ત્રણ દેશોના પ્રવાસના બીજા તબક્કામાં ઈન્ડોનેશિયાથી ઓસ્ટ્રેલિયા પહોંચ્યા છે. દસ્તાવેજમાં જણાવ્યા અનુસાર, તે બંને પક્ષોના સંરક્ષણ દળો વચ્ચે ઈન્ટરઓપરેબિલિટી અને માહિતીની આપ-લે કરવાના પ્રયાસોને વેગ આપશે અને એકબીજાના પ્રદેશોમાંથી વિમાનોની તૈનાતીનો વિસ્તાર કરશે.

### સુરતની ખાડી...

કલેક્ટર તેજસ પરમારે જણાવ્યું હતું કે પલસાણા અને કામરેજ તાલુકામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનનો સર્વે ઝડપી ગતિએ ચાલી રહ્યો છે અને કેશ ડોલ્સ તેમજ ઘરવખરી સહાયની ચૂકવણી શરૂ કરી દેવામાં આવી છે. શહેર અને જિલ્લામાં અંદાજે 40 કાચા-પાકા મકાનોને નુકસાન થયું હોવાનું પણ તેમણે જણાવ્યું. બેઠકમાં શાલિની અગ્રવાલ, મુકેશ પટેલ, મનુ પટેલ, સંદીપ દેસાઈ, અરવિંદ રાણા, સંગીતા પાટીલ, કિશોર કાનાણી, કાંતિ બલર, પ્રવિણ ઘોઘારી, સમીર મોદી, માયા માવાણી, વાબાંગ જમીર, વિક્રાંત પાંડે, દેવેન્દ્ર પ્રકાશ મીના, રાજેશ ગઢિયા, વિજય રબારી સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સુરતની બેઠક પૂર્ણ થયા બાદ ભૂપેન્દ્ર પટેલ નવસારી પહોંચ્યા હતા, જ્યાં ભારે વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિની સમીક્ષા કરી જિલ્લા વહીવટી તંત્રને બચાવ, રાહત અને સહાય કામગીરી વધુ અસરકારક રીતે આગળ વધારવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

### દેશના અનેક...

ટ્રાફિક જામના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. નેશનલ હાઈવે-૯ પર ગાઝીપુર બોર્ડર નજીક પાણી ભરાઈ જવાના કારણે દિલ્હી-ગાઝિયાબાદ રૂટ પર વાહનોની લાંબી લાઇન લાગી ગઇ હતી. ગયા ૨૪ કલાક દરમિયાન સતત થયેલા વરસાદને કારણે ભૂસ્ખલન થતાં અને નદીઓની જળસપાટીમાં વધારો થતાં ઉત્તરાખંડ હાઈ એલર્ટ પર રહ્યું છે. નવ રાજ્ય ધોરીમાર્ગો સહિત ૧૦૭ માર્ગો પર વાહનવ્યવહાર ખોરવાયો હતો. હવામાન વિભાગ દ્વારા દેહરાદૂન સહિત સાત જિલ્લાઓ માટે 'રેડ' એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજસ્થાનમાં, વ્યાપક વરસાદે રાજ્યના ભાગોને ભીંજવી દીધા હતા, હવામાન વિભાગે ગુરુવારે કોટા અને ભરતપુર ડિવિઝનના અલગ-અલગ વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરી હતી. કેરળના કેટલાક ભાગોમાં ભારે વરસાદ ચાલુ રહેતાં, IMD એ ગુરુવારે રાજ્યના ત્રણ જિલ્લાઓ માટે 'ઓરેન્જ' એલર્ટ જાહેર કર્યું હતું. IMDએ મલપ્પુરમ, કોઝીકોડ અને વાયનાડ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું હતું. કેરળના વિવિધ ભાગોમાંથી રસ્તાઓ પર જળબંબાકાર અને નીચાણવાળા વિસ્તારોમાં પૂરના અહેવાલો પણ મળ્યા હતા. વાયનાડ ભૂસ્ખલન દુર્ઘટનામાં ગુરુવારે આપત્તિના સ્થળેથી વધુ બે મૃતદેહો મળી આવ્યા બાદ મૃત્યુઆંક વધીને પાંચ થયો છે, જ્યારે ત્રણ વ્યક્તિઓ હજુ પણ ગુમ છે. અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં પાછલા સપ્તાહમાં ચોમાસા સંબંધિત ઘટનાઓમાં ત્રણ લોકોના મોત થયા છે અને લગભગ 800 લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે, જ્યારે હવામાન સંબંધિત નવીનતમ ઘટનામાં વીજળી પડવાથી બે લોકો ઈજાગ્રસ્ત થયા છે.

### દિલ્હી ડાયરી...

ધિરાણ અને ગેરકાયદે નાણાકીય નેટવર્કનો સામનો કરવાના વૈશ્વિક પ્રયાસોમાં ભારતની વધતી જતી ભૂમિકાને દર્શાવે છે. વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે, "ભારત આતંકવાદ સામે ઝીરો-ટોલરન્સ નીતિનું સમર્થન કરવાનું ચાલુ રાખતું હોવાથી આ નેતૃત્વની ભૂમિકા વૈશ્વિક આતંકવાદી ધિરાણ નેટવર્કનો સામનો કરવા અને ગેરકાયદે નાણાકીય પ્રણાલીઓને નાબૂદ કરવા પરના અમારા અવિરત ધ્યાનને વધુ મજબૂત બનાવે છે." આ ક્ષેત્રમાં અગ્રવાલના અનુભવ પર પ્રકાશ પાડતાં મંત્રાલયે નોંધ્યું હતું કે, તેઓ અગાઉ ભારતના એફએટીએફ પ્રતિનિધિમંડળના વડા રહી ચૂક્યા છે અને ફાઇનાન્સિયલ ઇન્ટેલિજન્સ યુનિટ-ઇન્ડિયા (એફઆઈયુ-ઇન્ડિયા)ના ડિરેક્ટર તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

### દિલ્હીમાં મહિલા સુરક્ષા માટે મોટું પગલું

રાષ્ટ્રીય રાજધાનીમાં મહિલાઓની સુરક્ષા વધારવાના હેતુથી એક મોટી પહેલ હેઠળ, દિલ્હી સરકાર સંવેદનશીલ અને વધુ ભીડવાળા રૂટ પર દોડતી ડીટીસીની 'લેડીઝ સ્પેશિયલ' બસોમાં મહિલા પોલીસ કર્મચારીઓને તૈનાત કરવા જઈ રહી છે. આ પહેલને મહિલા હોમગાર્ડ માર્શલ્સ દ્વારા પણ ટેકો આપવામાં આવશે. આ ઉપરાંત, દિલ્હીના પ્રથમ મહિલા પોલીસ સ્ટેશનના ઉદ્ઘાટન બાદ સરકાર મહિલાઓ અને બાળકો સાથે સંકળાયેલા ગુનાઓ અને ફરિયાદોનો વિશેષ રૂપે નિકાલ કરવા માટે દરેક પોલીસ જિલ્લામાં આવા સમર્પિત પોલીસ સ્ટેશનો સ્થાપવાની યોજના બનાવી રહી છે. આ સંદર્ભના નિર્ણયોની સમીક્ષા ઉપરાજ્યપાલ તરણજીત સિંહ સંધુ દ્વારા એક ઉચ્ચ સ્તરીય બેઠક દરમિયાન કરવામાં આવી હતી, જેમાં દિલ્હી પોલીસ કમિશનર અને સચિવ (વાહનવ્યવહાર) હાજર રહ્યા હતા. સાર્વજનિક પરિવહનનો ઉપયોગ કરતી મહિલા મુસાફરોની સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવા માટે 3 જૂનના રોજ ઉપરાજ્યપાલ દ્વારા આપવામાં આવેલા નિર્દેશો અનુસાર આ સમીક્ષા બેઠક યોજાઈ હતી. તદનુસાર, અધિકારીઓએ તેમને માહિતી આપી હતી કે, દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (ડીટીસી)એ એવા રૂટોની ઓળખ કરી છે જ્યાં મહિલા મુસાફરોની સંખ્યા વધુ હોય અને ખાસ કરીને પીક અવર્સ દરમિયાન સંવેદનશીલતા વધારે હોય. આ મૂલ્યાંકનના આધારે, મુસાફરોની સુરક્ષા વધારવા માટે આ રૂટ પર દોડતી લેડીઝ સ્પેશિયલ બસોમાં મહિલા પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવશે.